જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૯/૨૦૧૮ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૪૬/૧૮

## ત્રણ કરોડથી વધુ કિંમતનો ચરસ નો જથ્થો ઝડતી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ના ખાસ પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશનર શ્રી એસ.એલ.ચૌધરી સાહેબ નાઓએ પ્રતિબંધીત માદક પદાર્થો ની તસ્કરી કરતા ઇસમોને ઝડપી પાડી ગુજરાતમા પ્રતિબંધીત માદક પદાર્થો ની હેરાફેરી અટકાવી આ પ્રવુતી નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ જે સુચના અન્વયે અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ ની (૧) એન્ટી પ્રોપર્ટી સ્કોડ-૨ ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી તથા (૨) એન્ટી પ્રોપર્ટી સ્કોડ-૩ ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.એન.ચાવડા નાઓના નેતુત્વ હેઠળ ની ટીમો ડ્રગ્સ તસ્કરી અટકાવવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા કાર્યરત હતા.

દરમ્યાન પો..ઇન્સ.શ્રી કે.જી.ચૌધરી નાઓની ટીમના પો.સબ.ઇન્સ આઇ.એ.ધાસુરા નાઓને બાતમી મળેલ કે, ચિતોડગઢ રાજસ્થાન ની એક ડ્રગ્સ કેરીયર બહેન નામે શાઇના ઉર્ફે કાલી છીપા નાની પોતાની પાસે બેગમા ગેરકાયદેસર ચરસ નો જથ્થો લઇ શ્રીનાથજી ટ્રાવેલ્સ મારફતે ઉદેપુર તરફથી આવી અમદાવાદ થઇ જુનાગઢ તરફ જવાની છે જે હકીકત આધારે ટીમ ઇન્ચાર્જશ્રી કે.જી.ચૌધરી તથા ટીમ માણસો સાથે ઇન્દીરાબ્રીજ સર્કલ ખાતે મોડી રાતે શ્રીનાથજી ટ્રાવેલ્સ ની બસ ને રોકી ચેક કરતા ઉપરોકત શાઇના ઉર્ફે કાલી વા/ઓ સાયન શરીફમહમંદ જાતે છીપા ઉ.વ.૩૦ રહેવાસી. ગામ-ચીકારડા તા.ડુંગલા થાના મંગલવાડ જીલ્લો. ચિતોડગઢ રાજસ્થાન નાની પોતાના બેગમા ૧૨ કિલો ૬૮૪ ગ્રામ ગેરકાયદેસર ચરસના જથ્થો જેની આંતર રાષ્ટ્રીય બજાર કિમત ૧,૯૦,૨૭,૧૭૦ /- (એક કરોડ નેવુ લાખ સત્યાવીસ હજાર એકસો સીતેર) નો મળી આવતા કાયદેસર કાર્યવાહી કરેલ.

તેમજ એન્ટી પ્રોપર્ટી સ્કોડ-૩ ના ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી જે.એન.ચાવડા નાઓનાં નેતુત્વ હેઠળ ની ટીમ પણ ડ્રગ્સ તસ્કરી અટકાવવા કાર્યરત હતી. તે દરમ્યાન પો.ઇન્સ શ્રી જે.એન.ચાવડા નાઓને બાતમી મળેલ કે, કૈલાશ ઉદયરામ લબાના રહેવાસી. રાજસ્થાન નાનો એમ.પી નિમચ ખાતેથી આવતી અજય ટ્રાવેલ્સ મા રાજસ્થાન ચિકારડા ગામ ખાતેથી ચરસ નો જથ્થો લઇ અમદાવાદ થઇ ધોળકા તરફ જવાનો છે જે હકીકત આધારે ટીમ ઇન્ચાર્જશ્રી જે.એન.ચાવડા તથા ટીમ માણસો સાથે અમદાવાદ એસ.પી. રીંગરોડ નાના ચિલોડા સર્કલ ખાતે વહેલી સવારના અજય ટ્રાવેલ્સ ની બસ ને રોકી ચેક કરતા ઉપરોકત કૈલાશ ઉદયરામ લબાના ઉ.વ.૩૩ રહેવાસી. ગામ-હલમુ-માનપુરા પોષ્ટ-દુધલી ટોડા તા.જી.પ્રતાપગઢ રાજસ્થાન નાનો પોતાના બેગમા ૯ કિલો ૨૫૧ ગ્રામ ગેરકાયદેસર ચરસના જથ્થો જેની આંતર રાષ્ટ્રીય બજાર કિમત ૧,૩૮,૭૬,૫૦૦/- (એક કરોડ આડત્રીસ લાખ છોતેર હજાર પાંચસો) નો મળી આવતા કાયદેસર કાર્યવાહી કરેલ.

પકડાયેલ બન્ને આરોપીઓની પ્રથમિક પુછપરછ દરમ્યાન આરોપીઓએ આ જથ્થો રોડ માર્ગે જમ્મુ કાશ્મીર જઇ ને લાવી રાજસ્થાન ખાતે રાખેલ હતો અને ત્યાથી ગુજરાતમા ધુસાડવાની પ્રવુતીમા હતા. ખાનગી ગાડીમા આવેતો ગુજરાત ની ચેક પોષ્ટ તથા શહેરના નાકા બંધી પોષ્ટ ઉપર ચેકીંગ થતુ હોવાથી ખાનગી પબ્લીક ટ્રાન્સ્પોર્ટમા મુસાફરી કરતા ચરસના લાડુ બનાવી પ્લાસ્ટીકની થેલીમા તેને જુના અખબારોમા લપેટી સુતળીથી ટાઇટ બાંધી દેવામા આવતા અને તેના ઉપર ખુબજ ટાઇટ શેલો ટેપ ચોટાડવામા આવતી હતી જેથી તેની વાસ બહાર ન આવે આ પેકેટ માંથી મળી આવેલ અખબારો જમ્મુ કાશ્મીરના હોવાનુ જાણવા મળેલ છે. પ્રાથમિક પુછપરછ દરમ્યાન આ અગાઉ તેમણે કેટલી વાર કોને કોને કઇ જગ્યાએ ચરસનો જથ્થો સપ્લાય કરેલ છે તે બાબતની વિગતો પ્રાપ્ત થયેલ છે. જે બાબતે હાલ તપાસ ચાલુ છે. આ પ્રકારે ચરસનો જથ્થો જમ્મુ કાશ્મીરના વ્યકતી પાસેથી લાવી ગુજરાતમા અલગ અલગ શહેરોમા સપ્લાય કરવામા આવતો હતો જે બાબતની તલસ્પર્શી તપાસ કરી ઓરગેનાઇઝડ ગેંગને ખુલ્લી પાડવામા આવશે. એફ.એસ.એલ અધીકારીએ પ્રાથમિક ચકાસણી દરમ્યાન આ ચરસ હાઇગ્રેડ ચરસ હોવાનુ જણાવેલ છે.

## <u>ચોરી ના ત્રણ વાહનો સાથે બે કિશોર ને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ખાસ પોલીસ કમિશનર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ, નાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા ઇન્ચાર્જ મદદનીશ કમિશનર શ્રી પોલીસ ઇન્સ્પેકટર એસ.એલ.ચૌધરી સાહેબની સુચના નવ્યે એન્ટી પ્રોપર્ટી સ્કોડ-2 ના ઇન્ચાર્જ શ્રી કે.જી.ચૌધરી નાઓના સુપરવિઝન તથા માર્ગદર્શન હેઠળ ટીમના માણસો મિલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવા કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર દાણાપીઠ ચાર રસ્તા ખાતેથી કાયદાના સંઘર્ષમા આવેલ બે કિશોરને ચોરીની સ્પેલેન્ડર મો.સા નં. જીજે.૦૧.એમએસ.૮૫૧૦ સાથે ઝડપી પાડી મો.સા તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે. સદરી બાળ કિશોર ની પુછ પરછ કરતા આ સિવાય તેઓ બન્નેએ વીસ પચ્ચીસ દિવસ પહેલા ઘી કાંટા આદર્શ સ્કુલ પાસેથી ઇટર્નો નં. જીજે.૧૮.પી.૯૯૬૬ તથા પ્રહલાદનગર ગાર્ડન પાસે એક કોમ્પલેક્ષ ના પાર્કીંગ માંથી એકટીવા નં. જીજે.૦૧.એફકે.૪૧૦૦ ની ચોરી કરેલા ની કબુલાત આધારે તેઓએ બીન વારસી મુકી રાખેલ ઇટર્નો તથા એકટીવા કબ્જે કરવામા આવેલ છે જે બાબતે આનંદનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૧૧૯/૧૮ ઇ.પી.કો. કલમ 379 મુજબનો ગુનો ડીટેકટ થવા પામેલ છે. તેમજ ઇટર્નો તથા એકટીવા બાબતે આગળ ની તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.